## આંક–૧૦ ની અરજી લગત હુકમ

(૧) આંક–૧૦ ની અરજી વંચાણે લીધી. સાંભળ્યા. આ કામે પ્રતિવાદી તરફે લીવ ટુ ડીફેન્સની અરજી (આંક–૧૦ ની લેખિત દલીલો) આંક–૧૫ થી રજુ રાખેલ છે તે ધ્યાને લીધી.

(૨) પ્રતિવાદી તે આ કામના વાદીની સમન્સ ફોન જજમેન્ટની અરજી વિરૂઘ્ધ લીવ ટુ ડીફેન્ડ આપી જણાવેલ છે કે, વાદીની સમન્સ ફોન જજમેન્ટની અરજી ખરી અને કાયદેસરની નથી. વાદીને આ કે આવા પ્રકારની સમન્સ ફોર જજમેન્ટની અરજી આપવા કાયદેસર કોઈ હકક કે અધિકાર નથી. વાદીનો દાવો તથા સમન્સ ફોર જજમેન્ટની અરજી શુઘ્ધબુઘ્ધિપૂર્વકની નથી અને માલાફાઈડી હોઈ રદ થાવને પાત્ર છે. વાદીનો દાવો સી.પ્રો.કોડનાં ઓર્ડર–૩૭ ની સમરી પ્રોસીજરની એમ્બીટમાં આવતો નથી અને તેથી સમરી પ્રોસીજર હેઠળ વાદીનો દાવો ચાલવાપાત્ર નથી. આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયના વાદીની સમન્સ ફોર જજમેન્ટની અરજીનાં કોઈપણ કથનો ખરા નથી અને પ્રતિવાદીને કબુલ નથી. વાદીની સમન્સ ફોર જજમેન્ટની અરજીના પેરા–૧ તથા ૨ ના કથનો ખરા નથી અને પ્રતિવાદીને કબુલ નથી. આ વાદી દાવામાં જણાવેલ સરનામે રહેતા હોવાના કથનો બાબતે પ્રતિવાદીને કોઈ જાણ ન હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીએ આ વાદીને કયારેય જોયેલ નથી કે ઓળખતા નથી. પ્રતિવાદીની માલિકીનું ૧૬૪, સનસેટ રો હાઉસ વાળુ મકાન આ વાદીને વેચવાનું નકકી કરી તેઓ પાસેથી તા.૧૮/૧૦/૨૦૧૫ ના રોજ રૂા.૩૧,૦૦૦/– લીધેલ હોવાના કથનો ખોટા હોવાનું પ્રતિવાદીએ જણાવેલ છે. આ વાદીને પ્રતિવાદીએ કયારેય સદરહુ મિલકત વેચવાનું નકકી કરેલ ન હતું જેથી રૂા.૩૧,૦૦૦/– બાના પેટે લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવુ જણાવેલ છે.

(૩) પ્રતિવાદીએ એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેઓની ૧૬૪, સનસેટ રો હાઉસ વાળી મિલકત એક શ્રી ચિરાગ જયંતીલાલ પટેલને વેચાણ આપવાનું નકકી કરી તેના બાનાની રકમ ચિરાગભાઈ પટેલ પાસેથી રૂા.૩૧,૦૦૦/– મેળવેલ, જે બાબતની પહોંચ પ્રતિવાદીએ શ્રી ચિરાગભાઈ પટેલને તા.૧૮/૧૦/૨૦૧૫ ના રોજ આપેલી તેમાં શરતચુકથી તેમનું નામ લખવુ રહી ગયેલ અને સદર પહોંચ ચિરાગભાઈ પટેલથી આડા હાથે કયાંક મુકાઈ થયેલ અગર કોઈ જગ્યાએ રસ્તામાં ખીસ્સામાંથી પડી થયેલ, જેની શોધખોળ કરવા છતાં મળી આવેલ નહી, પરંતુ આ દરમિયાન પ્રતિવાદી સાથે સદરહે મિલકતનો વેચાણનો સોદો કેટલાક કારણોસર આગળ વધી શકે તેમ નહી હોઈ પ્રતિવાદી નથા ચિરાગભાઈ પટેલે સદરહુ વેચાણનો સોદો કેન્સલ કરેલો અને રૂા.૩૧,૦૦૦/– પ્રતિવાદીએ શ્રી

ચિરાગભાઈ પટેલને પરત કરી દીધેલછે, જે ચિરાગભાઈ પટેલને મળી ગયેલા જેથી સદર રકમ બાબતે તેઓ વચ્ચે કોઈ તકરાર રહેલ ન હતી કે નથી. સદરહુ ખોવાઈ ગયેલ રૂા.૩૧,૦૦૦/– ની પહોંચ આ વાદીના હાથમાં કયાંકથી આવી ગયેલ હોવાનું જણાય છે અને તેથી વાદીએ તેમના વિકૃત માનસનો ઉપયોગ કરી પ્રતિવાદી પાસેથી મોટી રકમ પડાવી શકાય તેવુ કાવતરૂ રચેલ અને જાણે સદર રકમ રૂા.૩૧,૦૦૦/– વાદીએ પ્રતિવાદીને આપેલ છે તેવું પ્રસ્થાપિત કરવા પ્રયત્ન શરૂ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સદર પહોંચ વાદીની કસ્ટડીમાં આવેલ હોય તો તેથી વાદી સાથે સોદો થયેલ હોવાનું અગર વાદીએ રૂા.૩૧,૦૦૦/– ચુકવેલ હોવાનું સાબિત થતુ ન હોવાનું વગેરેની હકીકત જણાવેલી છે. આંક–૧૦ ની લેખિત દલીલો આંક–૧૫ થી રજુ રાખેલી છે. તેમાં પ્રતિવાદી બીનશરતી બચાવ કરવાની પરવાનગી મેળવવા હકકદાર બનેલા છે. સદરહુ દાવામાં ઘણાં બધા ટ્રાયેબલ ઈસ્યુ સમાયેલા છે તેથી આ કામમાં મૌખિક પુરાવા લેવા જરૂરી છે તેમ જણાવેલ છે. આમ, આ કામે વાદીની આંક–૧૦ ની સમન્સ ફોર જજમેન્ટની અરજીની હકીકત ધ્યાને લીધી અને આંક–૧૦ ની લીવ ટુ ડીફેન્સની અરજીમાં જે કારણો જણાવેલા છે તેમાં ટ્રાયેબલ ઈસ્યુ સમાયેલા માનવુ ન્યાયોચિત જણાય છે જેથી સઘળી હકીકતો અને સંજોગો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું :

**: હુકમ :**

(૧) આથી પ્રતિવાદીની આંક–૧૦ ની લીવ ટુ ડીફેન્સની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને દાવામાં બીનશરતી બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

(૩) રે.સમરી દાવાને રેગ્યુલર દાવા તરીકે નંબર આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૬ મી, માહે ડિસેમ્બ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–
( કુ. જ્યોતિબેન માધવલાલ ચૌહાણ )
ચોથા એડી. સીની. સીવીલ જજ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ
યુ.આઈ.ડી. કોડ નં. ૦૦૭૨૮

અમદાવાદ
તા.૦૬.૧૨.૨૦૧૯

//P.S.OZA//